
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મોદી વેવની ચિંતા ન કર... કોલ્ડ વેવને કારણે જરા એવું લાગે છે....!!

# ગાંધીનગરમાં ખોફ ફેલાવી દેનાર સીરીયલ કિલર વ્યંઢળ હોવાની આશંકા

**શહેરભરના સીસીટીવી કેમેરાના અભ્યાસમાં નંબર પ્લેટ વગરની એકટીવા લઈને ફરતો શખ્સ શંકાનાં દાયરામાં આવ્યો : સ્કેચ બનાવીને તપાસ કરી તો રાની નામનો વ્યંઢળ હોવાનું પોલીસને જાણવા મળ્યું: શકમંદ રાનીને શોધવા પોલીસની વિવિધ ટીમો અલગ અલગ દિશાઓમાં દોડતી થઈ ગઈ**

ગાંધીનગર, તા.૯

એક જ મોડસ ઓપરેન્ડીથી માથાના પાછળના ભાગે ફાયરિંગ કરીને ત્રણ ત્રણ હત્યા કરી ગાંધીનગરમાં ખોફ ફેલાવી દેનાર સિરિયલ કિલરે પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ઉપરાંત ગાંધીનગર અને અમદાવાદ ક્રાઈમ તથા એટીએસની અલગ અલગ ટીમો આ કિલર ને શોધવા દિવસ-રાત મથી રહી છે. પરંતુ હજુ સુધી આ કિલર પોલીસને હાથ લાગ્યો નથી. શહેરભરનાં સીસીટીવી કેમેરા કલેક્ટ કરી ને તેનો અભ્યાસ એક ટીમ દ્વારા કરવામાં આવી રહ્યો છે જેમાં એક નંબર પ્લેટ વગરનું એકટીવા લઈને ફરતો શખ્સ શંકાના દાયરામાં આવ્યો છે. પોલીસે બારીકાઈથી તપાસ શરૂ કરી અને સ્કેચ તૈયાર કરીને હ્યુમન ઈન્ફોર્મર મારફતે તપાસ શરૂ કરી ત્યારે ખબર પડી કે પોલીસને જેના પર શંકા છે તે રાની નામનો વ્યંઢળ છે. પોલીસની વિવિધ ટીમો હવે આ શકમંદને શોધવા માટે દોડતી થઈ ગઈ છે.

અડાલજની આસપાસના વિસ્તારમાં અવાવરુ જગ્યા જોઈને રજાના દિવસે અલગ-અલગ ગામમાં તબક્કાવાર માથે ફાયરિંગ કરીને ત્રણ હત્યા થઈ છે. ગાંધીનગરમાં સીરીયલ કિલર ફરતો થઈ ગયો હોવાની વાત આખરે ગાંધીનગર પોલીસે સ્વીકારીને આ ઘટનાને ગંભીરતાથી લઈ ચોથી હત્યા કરે તે પહેલા પકડી લેવા માટે દોડધામ શરૂ કરી છે અને તે માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પણ દોડતી કરી છે. આ ઘટનાની તપાસ માટે ગાંધીનગર પોલીસની અલગ અલગ ટીમો ઉપરાંત અમદાવાદ ક્રાઈમ બ્રાંચ તથા એટીએસ પણ જોડાઈ ગઈ છે.



તમામ ટીમો પોતપોતાની રીતે આ ગુનાની તપાસમાં લાગી ગઈ છે ત્યારે સીસીટીવી ફૂટેજના ગહન અભ્યાસ બાદ એક શકમંદ નજરે પડ્યો છે જે લોંગ કોટ અને માથે ટોપી પહેરીને નંબર પ્લેટ વગરનું એકટીવા લઈને આવે છે. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે સ્કેચ પણ તૈયાર કરાવી અલગ-અલગ સ્થળોએ રૂબરૂ જઈને આ તૈયાર થયેલા સ્કેચ વાળી વ્યક્તિ કોણ છે તે જાણવા પ્રયત્નો શરૂ કર્યા હતા.

શેરથા ટોલટેક્સ પાસે તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે આ ટોલટેક્ષ પર રૂપિયા ઉઘરાવતાં વ્યંઢળોએ તેને ઓળખી બતાવ્યો હતો અને કહ્યું હતું કે તેમની પાસે પાંચ મહિના પહેલા આ વ્યક્તિ પણ રૂપીયા ઉઘરાવતો હતો અને તે રાની નામનો વ્યંઢળ છે. ઘણા સમયથી તે રૂપિયા ઉઘરાવવા આવતો નથી. પોલીસે ઊંડી તપાસ કરતાં જાણવા મળ્યું કે તે ક્યાંથી મેકઅપ કરાવતો હતો. પોલીસે ત્યાં તપાસ કરી તો ખબર પડી કે મેકઅપ માટે પણ તે ઘણા સમયથી આવ્યો નથી. આ વ્યંઢળ અમદાવાદ ખાતે રહેતો હોવાની માહિતીને આધારે પોલીસની ટીમો ત્યાં પણ પહોંચી હતી પરંતુ ત્યાંથી પણ જાણવા મળ્યું કે આ મકાન ઘણા સમયથી બંધ છે.

એક તરફ આ શકમંદને શોધવા માટે અમદાવાદ-ગાંધીનગર ની પોલીસની ટીમો દોડતી થઈ ગઈ છે તો બીજી તરફ શુક્રવારે અડાલજ -શેરથા રોડ ઉપર આવેલી એક ચાની કીટલી પાસે તે ચા પીવા આવ્યો હોવાની માહિતી મળતા ગાંધીનગર પોલીસ પહોંચી ગઈ હતી. જો કે પોલીસ પહોંચે તે પહેલા નંબર વગરનું એકટીવા લઈને આ શખ્સ ફરાર થઈ ગયો હતો. પોલીસે આ ચાની કીટલી પાસેના સીસીટીવી ફૂટેજ પણ મેળવ્યા છે. આ શકમંદ ઉપર શંકા વધુ મજબૂત બની છે અને હવે તેને શોધવા પોલીસની વિવિધ ટીમો કાર્યરત થઈ ગઈ છે.

### સાહેબ, હું તો પલમ્બર સું..!

સીરીયલ કિલરને શોધવા માટે ગાંધીનગર પોલીસ ચારે દિશામાં દોડતી થઈ અને સીસીટીવી ફૂટેજ મેળવી શકમંદો લિસ્ટ આઉટ કરી રહી હતી તે દરમિયાન શેરથા પાસેથી પસાર થતો એક સાયકલ ચાલક પ્રાથમિક દૃષ્ટિએ પોલીસને શંકાસ્પદ લાગ્યો હતો જે એક સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. આ સાયકલ ચાલક સામેથી પોલીસ સ્ટેશન આવી પહોંચ્યો હતો અને તદ્દન દેશી ભાષામાં તેણે કહ્યું હતું કે સાહેબ હું તો પલમ્બર સું...! સીરીયલ કિલર અને મને કશું લાગતું-વળગતું નથી..! પોલીસે આ શકમંદને ક્રોસ ઈન્ટ્રોગેશન કરીને નિર્દોષ જણાતા તેનું નિવેદન લઈ જવા દીધો હતો.

# વાવોલ ખોડિયાર ધામનો આજે દ્વિતિય પાટોત્સવ

**કુંભસ્થાપન, મૂર્તિપૂજન, અન્નકુટ અને નવચંડીયજ્ઞ સહિત ફૂલોના ગરબા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક વાવોલ ગામે આવેલા આઈશ્રી ખોડીયાર ધામના દ્વિતિય પાટોત્સવ નિમિત્તે ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે સવારથી સંતો-મહંતોની ઉપસ્થિતિમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તો રાત્રે પ્રફુલ્લ દવે દ્વારા પૂલોના ગરબા પણ ભક્તોને ગવડાવાશે.

આ અંગે સોમમણી ફાઉન્ડેશન ટ્રસ્ટ, વાવોલના પીઠાધીશ્વર સોમાભાઈ અંબાલાલ પ્રજાપતિ (પાઘડીસેઠ) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વાવોલ સ્થિત આઈશ્રી ખોડિયાર ધામનો દ્વિતિય પાટોત્સવ સંવત ૨૦૭૫ મહાસુદ પાંચમને તા. ૧૦ ફેબ્રુઆરી, રવિવારના રોજ યોજાશે. આ પ્રસંગે અમદાવાદ જગન્નાથજી મંદિરના પ.પૂ. મહામંડલેશ્વર મહંત દીલીપદાસજી મહારાજની સાથે સાથે રાજ્યના અન્ય સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. પાટોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શનિવારે સાંજે કુંભ સ્થાપન અને મૂર્તિ પૂજનની સાથે સાથે અન્નકુટ ધરવામાં આવશે. ત્યારબાદ રવિવારે સવારે ૮.૧૫ કલાકે હરિદ્વાર જગન્નાથધામના પ.પૂ. જગદગુરૂ રામાનંદાચાર્ય હંસાદેવાચાર્યજી મહારાજના આચાર્યપદે નવચંડી યજ્ઞ પ્રારંભ થશે. જેમાં સાંજે ૪.૩૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. ત્યાર બાદ સાંજે મહાપ્રસાદનું પણ આયોજન ભક્તો માટે કરવામાં આવ્યું છે. રાત્રે ૮.૩૦ કલાકથી અહીં ફૂલોના ગરબા યોજાશે. જેમાં ગુજરાતના પ્રખ્યાત કલાકાર પ્રફુલ્લભાઈ દવે દ્વારા ગરબા કરવામાં આવશે. આ પાટોત્સવમાં અને ગરબાના કાર્યક્રમમાં માઈ ભક્તોને પધારવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

# 'બીમાર બાળકો શાળામાં ન આવે' રાજ્યના આરોગ્ય વિભાગની સલાહ

રાજ્યભરમાં સ્વાઈન ફ્લૂનો કેર ઓછો થવાનું નામ જ નથી લેતો. ગુજરાતમાં સ્વાઈન ફ્લુના ૮૦થી વધુ કેસ નોંધાયા હતા. તેમાંપણ અમદાવાદમાં થોડા સમયમાં સ્વાઈન ફ્લૂનાં કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ હેલ્થ વિભાગે સ્કૂલો માટે એક એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં સ્કૂલોને તાકીદ કરવામાં આવ્યું છે કે તેમની શાળામાં કોઈપણ બાકળ બીમાર હોય તો તે શાળાએ આવે નહીં. શાળા તંત્રએ વિદ્યાર્થીઓનાં વાલીઓ સાથે મિટીંગ કરીને આ અંગેની જાણ કરવાની રહેશે.

# શહેરમાં વધી રહેલા રોગચાળાને કાબુમાં કરવા વસાહત મહાસંઘની માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરને રોગચાળાએ અજગરી ભરડો લીધો છે. શહેરમાં રોજ-બરોજ સ્વાઈન ફ્લુ વકરતો જાય છે. સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખાસ દર્દીઓ માટે વોર્ડ તૈયાર કરાયો છે તેમજ મેડીસીન ઓપીડીની બાજુમાં જ સમાંતર સ્વાઈન ફ્લુ ઓપીડી કાર્યરત થઈ ગઈ છે. રોજના કેટલાય દર્દીઓ લાભ લઈ રહ્યા છે.

તે ઉપરાંત સ્વાઈન ફ્લુ શંકાસ્પદ લાગતા દર્દીઓને વોર્ડમાં લઈ જઈને તમામ પ્રકારની આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવે છે.

જયારે રોગચાળાની સ્થિતિ વચ્ચે શહેરના માર્ગો તેમજ સેકટરોમાં ઠેરઠેર બિન આરોગ્યપ્રદ ખોરાકની લારીઓ ધમધમી રહી છે. જેને પગલે નાગરીકો બિમારીનો ભોગ બની રહ્યા છે. સ્વાઈન ફ્લુ, ન્યુમોનીયા, ટાઈફોઈડ, મેલેરીયા સહિતના વકરી રહેલા રોગને ઝડપી કાબુમાં કરવા આવશ્યક બની ગયા છે. ત્યારે શહેરમાં સ્વાઈન ફ્લુ અને વકરી રહેલા રોગને તંત્ર દ્વારા કાબુમાં લેવામાં આવે તેવી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની લાગણી અને માંગણી છે.

## આજે યુથ હોસ્ટેલ ખાતે 'વસંતપંચમી' 'વેલેન્ટાઈનડે' વિષયે કાવ્ય મહેફિલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૧૦મી ફેબ્રુઆરીએ બપોરે ૪.૩૦ કલાકે સેક્ટર-૧૬ સ્થિત યુથ હોસ્ટેલ ખાતે ફેબ્રુઆરી માસની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં 'વસંતપંચમી' અને 'વેલેન્ટાઈન ડે' વિશે સ્વરચિત કાવ્યની મહેફિલ યોજાશે. જેનો લાભ લેવા શહેરના સાહિત્ય ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી ગજાનન દ્વારા ગણેશ જયંતિએ વિવિધ સેવાકાર્ય

ગાંધીનગર, તા.૯

ગણેશ જયંતિના દિવસે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ખારી, સુનોક તથા ગડાદર મુકામે ૯ ગામોની ૧૨૨ લાભાર્થી વૃધ્ધાઓને ૩ ક્રી.ગ્રા. ચોખાનું વિતરણ કર્યું હતું. ખીલોડા-૩ અને ૨ ની શાળામાં બાળકોને નવા કપડા આપી ફુગ્ગા ઉડાડી મસ્તીકી પાઠશાલા યોજી હતી. જેમાં બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. શુક્રવારે તીલકુંડ જયંતિ હોવાથી નવા પાલ્લા તથા સદરડી નિશાળમાં બાળકોને નાસ્તા સાથે તલના લાડુ નું વિતરણ કર્યું હતું. આ કાર્યમાં ભરત ભરવાડ, સચિન, મહર્ષિ, તથા મિલિંદ ગુપ્તે જોડાયા હતા.

## સંસ્કાર ગ્રુપ દ્વાર વસંત પંચમીના વધામણા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૯

સંસ્કાર ગ્રુપ દ્વારા તા.૧૦ ફેબ્રુઆરીને રવિવારના રોજ સેકટર-૭ બગીચા ખાતે સવારે ૯ કલાકે વસંત પંચમીના વધામણા કાર્યક્રમ અંતર્ગત મા સરસ્વતી દેવીની પૂજા અર્ચના કરવામાં આવશે. તેમજ જ્ઞાન, બુધ્ધી વિકાસ થાય અને અભ્યાસ અર્થે સારી પ્રગતિ મેળવે. વસંતપંચમીનું મહત્વ વિશે પણ બાળકોને માહિતી આપવામાં આવશે.



શહેરમાં શુક્રવારે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સેક્ટર-૨૮/૧ પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં બાળકોને વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ સહિત હીના ગૌતમ, ડૉ. નિકેશ પ્રજાપતિ, ડૉ. દિવ્ય વ્યાસ, સુભદ્રાબેન જેવા અગ્રણીઓ સહિત શાળાના આચાર્ય પ્રકાશભાઈ પટેલ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં સ્વાઈન ફ્લુ વકર્યો : વધુ ૧૧ના મોત

ગાંધીનગર, તા. ૯

ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો કાળોકેર આજે યથાવતરીતે જારી રહ્યો હતો. સ્વાઈન ફ્લુના કારણે આજે એક જ દિવસમાં વધુ ૧૧ લોકોના મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. અન્ય નવા કેસો પણ સપાટી ઉપર આવ્યા છે. ૧૧ લોકોના મોત થતાંની સાથે જ સત્તાવારરીતે મોતનો આંકડો વધીને ૬૨ ઉપર પહોંચ્યો હતો પરંતુ બિનસત્તાવારરીતે મોતનો આંકડ વધીને ૭૦ ઉપર પહોંચી ગયો હતો. દરમિયાન સેંકડો લોકો હજુ પણ સારવાર હેઠળ છે. કેન્દ્રીય આરોગ્યમંત્રાલય પણ સ્વાઈન ફ્લુના કારણે ચિંતિત દેખાઈ રહ્યું છે જેના ભાગરુપે ગુજરાત અને પંજાબમાં કેન્દ્રીય ટીમ પહોંચી રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સ્થિતિના મુલ્યાંકન માટે તથા બિમારીઓથી પહોંચી વળવા માટે કેટલાક પગલા હાથ ધર્યા છે જેના ભાગરુપે રાજ્યોની સહાયતા માટે બે ટીમો પણ મોકલી દીધી છે. આરોગ્ય મંત્રાલયના આંકડા મમુજબ ગુજરાતમાં ૭મી ફેબ્રુઆરી સુધી જ સ્વાઈન ફ્લુથી સત્તાવારરીતે ૫૪ના મોત થયા હતા અને ૧૧૮૭ કેસ નોંધાયા હતા. આ આંકડો નવમી ફેબ્રુઆરીના દિવસે વધીને સત્તાવારરીતે ૬૨ અને બિનસત્તાવારરીતે ૭૦ ઉપર પહોંચ્યો હતો. પંજાબ અને રાજસ્થાનમાં પણ હાલત કફોડી બનેલી છે. પંજાબમાં ૩૦ના મોત થયા છે અને ૩૦૧ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લુના લીધે દેશભરમાં ૨૨૬થી વધુના મોત થઈ ગયા છે. વર્ષ ૨૦૧૯માં જાન્યુઆરી બાદથી હજુ સુધી રાજ્યમાં કુલ દર્દીઓની સંખ્યા ૧૨૦૦થી પણ ઉપર પહોંચી ગઈ છે જ્યારે સ્વસ્થ થઈને ઘરે પરત ફરેલા દર્દીઓની સંખ્યા ૬૫૦ જેટલી નોંધાઈ છે. સ્વાઈન ફ્લુની અસર થયા બાદ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા હાલમાં ૪૦૦ની આસપાસ હોવાનું જાણવા મળી રહ્યું છે. સારવાર હેઠળ રહેલા ઘણા દર્દીઓની હાલત સારી નહીં હોવાનું પણ જાણવા મળ્યું છે.

આજના આંકડાને ધ્યાનમાં ન લેવામાં આવે તો પણ સ્વાઈન ફ્લુનો સૌથી વધારે પ્રકોપ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જોવા મળ્યો છે જ્યાં જાન્યુઆરી મહિનામાં આ રોગથી ગ્રસ્ત લોકોની સંખ્યા ૨૧૩ ઉપર પહોંચી હતી. ફેબ્રુઆરી મહિનાના એક જ સપ્તાહના ગાળામાં આ સંખ્યા ૧૩૪થી પણ ઉપર પહોંચી ગઈ છે. જાન્યુઆરીથી લઈને હજુ સુધી અમદાવાદમાં છના મોત થઈ ચુક્યા છે જ્યારે ૧૫ લોકોના મોત તો ટૂંકા ગાળામાં જ થયા છે.

## ફ્રી બોડી સ્ક્રીનીંગ કેમ્પ ફોર વેઈટ મેનેજમેન્ટ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

આર્યુવેદના પ્રચાર-પ્રસાર અર્થે સ્ટેટ મોડલ આર્યુવેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, કોલવડા ગાંધીનગર ખાતે તા.૧૨ ફેબ્રુઆરી મંગળવારના રોજ આર્યુવેદ કોલેજ સંચાલિત હોસ્પિટલના રૂમ નં-૧૦ ખાતે સવારે ૧૦ થી સાંજના ૫ કલાક દરમિયાન ફ્રી બોડી સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેની અંતર્ગત કરાડા સ્કેન મશીન દ્વારા બોડી ફેટ, વીઝરલ ફેટ, બી.એમ.આઈ, બોડી ફેટ અનુસાર ઉંમર, ડેઈલી કેલેરીની જરુરીયાત વગેરેનું સ્ક્રીનીંગ કરવામાં આવશે. આ ઉપરાંત નિષ્ણાંત વૈધો દ્વારા વજનને ઘટાડવા માટે અને નિયંત્રણમાં રાખવા માટે માર્ગદર્શન તેમજ આર્યુવેદ દવાઓ વિનામુલ્યે આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા આર્યુવેદ કોલેજના અધિક્ષકે તમામ નાગરીકોને અનુરોધ કર્યો છે.

## આજે ચંદ્રાલા ખાતે પાટીદાર સમાજના સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૯

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા ચંદ્રાલા ખાતે ઉમા સંસ્કાર તિર્થ ખાતે ૪૨-૮૪ કડવા પાટીદાર સમાજનો ૨૮ મો સમૂહલગ્નોત્સવ તા. ૧૦ ફેબ્રુઆરીને રવિવારના રોજ વસંતપંચમીના રોજ યોજાશે. આ સમૂહલગ્નોત્સવમાં સવારે ૭.૧૫ કલાકે આગમન, ૭.૩૫ કલાકે ગ્રહશાંતિ, સવારે ૧૦ કલાકે હસ્ત મેળાપ, અને કન્યા વિદાય બપોરે ૧.૩૫ કલાકે યોજાશે. આ સમૂહલગ્નોત્સવમાં સમાજના ૨૬ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે.

# સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરેલા કર્મચારીઓની અટકાયત

ગાંધીનગર, તા.૯

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ આજરોજ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ ના આવતા આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. જેને પગલે બપોરના સમયે પોલીસ દ્વારા તેમની અટકાયત કરી લેવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં દિલ્લી જંતર મંતર ખાતે તેઓ ધરણા અને પ્રતિક ઉપવાસ કરશે. આજે રાજયભરમાંથી ફરજ બજાવતા ૫૦૦ થી વધુ મધ્યાહન ભોજનના કર્મચારીઓ હાજર રહ્યા હતા. ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની માંગણીઓ છેલ્લા અઢી દાયકાથી પડતર છે. સંચાલક, મદદનીશ અને રસોઈયા સામાન્ય વેતનમાં પોતાની ફરજ નિભાવી રહ્યા છે. એન.જી.ઓ. રદ કરવી, નવું મેનું અને અલાયદો નાસ્તો આપવાનો જીઆર કર્યો છે તે રદ કરવો, પગાર ધોરણ લઘુતમ આપી કાયમી કરવાના પ્રશ્નને લઈ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવામાં આવી છે તેમ છતા સરકાર તરફથી અત્યાર સુધી હકારાત્મક નિર્ણય આવ્યો નથી. જેથી યોજનાના કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓ જેવા કે સંચાલક, રસોઈયા, અને મદદનીશો સામાન્ય વેતનમાં છેલ્લા ઘણા વર્ષોથી આજદિન સુધી સરકારના નિતી નિયમો મુજબ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે. ત્યારે સંચાલકને રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ. ૧૪૦૦ અને મદદનીશને રૂ. ૧૦૦૦ વેતન મળે છે. ત્યારે આટલા સામાન્ય વેતનમાં કર્મચારીઓને કુટુંબનું ભરણ પોષણ કરવું અશક્ય બન્યું છે. છેલ્લા અઢી દાયકાથી કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે.જેને પગલે આજે સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ મોટીસંખ્યામાં એકઠા થયા હતા. આમરણાંત ઉપવાસ પર કર્મચારીઓ બેઠા હતા ત્યારે બપોરના સમયે કર્મચારીઓની અટકાયત કરી દેવામાં આવી હતી. હવે કર્મચારીઓ દિલ્લી જંતર મંતર ખાતે આગામી દિવસોમાં એકઠા થઈને કાર્યક્રમ આપશે.







## નવગુજરાત લો કોલેજ દ્વારા જેલની મુલાકાત

સોમનાથ કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની પ્રતિષ્ઠિત નવગુજરાત લો કોલેજ, સેકટર-૨૮ દ્વારા વિદ્યાર્થીઓને કાયદાના અભ્યાસના ભાગ રૂપે આજરોજ સાબરમતી મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે રૂબરૂ મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જેલમાં કેદીઓને મળતા અધિકારો, માનવ અધિકારો તેમજ સજાના પ્રકારોનું વિસ્તૃત જ્ઞાન મેળવવા માટે તેમજ જેલના નીતિ નિયમોનું પણ વિસ્તૃત જ્ઞાન મળી રહે તેવા હેતુ સાથે વિદ્યાર્થીઓને જેલની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.






## ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની મુંઝવણને જય વસાવડાનું માર્ગદર્શન

ગાંધીનગરમાં શુક્રવારે સવારે સેક્ટર-૭ના ચૌધરી કોલેજ કેમ્પસ ખાતે તાલુકા આચાર્ય સંઘ આયોજિત ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહી બોર્ડની પરીક્ષાઓ આપી શકે તે માટે જાણીતા વક્તા જય વસાવડાનું પ્રવચન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓને જય વસાવડાએ 'મનુષ્ય તુ બડા મહાન હૈ, ભુલ મત' વિષયે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ અને તણાવમુક્ત રહેવા માટે ઉપયોગી સૂચનો પણ કર્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં પ્રેરક પ્રસંગો અને ઉપયોગી ઉદાહરણો પણ ટાંક્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં તાલુકાની શાળાઓના આચાર્યો તથા શિક્ષકો, વાલીઓ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. તેવુ તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ.

# રાજ્યમાં કાતિલ ઠંડી

અમદાવાદ સહિત ગુજરાતભરમાં કોલ્ડવેવની સ્થિતિ વચ્ચે કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદ અને રાજયના મોટાભાગના વિસ્તારોમાં પારો ગગડી ગયો છે. અમદાવાદમાં પણ પારો ગગડીને ૮.૧ સુધી નીચે પહોંચી ગયો છે જ્યારે નલિયામાં તો પારો ૫.૮ સુધી એકદમ નીચે પહોંચી ગયો છે.

ડિસામાં ૬.૬ અને ગાંધીનગરમાં ૬.૪ ડિગ્રી પારો નોંધાયો છે. કોલ્ડવેવની સ્થિતિ અકબંધ રહેવાના સંકેત મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. જનજીવન પણ ખોરવાઈ ગયું છે. તીવ્ર ઠંડીના લીધે રાત્રિ ગાળામાં રસ્તાઓ પણ સુમસામ બની ગયા છે. કોલ્ડવેવની સ્થિતિ હાલમાં યથાવત રહેશે.